# અમેરીકામાં વીશીષ્ટ બાળશીક્ષણ

## પાંચ પ્રેરક પ્રસંગો

– શૈલા મુન્શા

## 1 - ડુલસે

૨૦૧૨થી ૨૦૧૩નું શાળાકીય વર્ષ પુરું થયું. અમેરીકામાં જુન મહીનાથી સ્કુલમાં વેકેશન શરુ થાય અને લગભગ ઓગસ્ટના ત્રીજા અઠવાડીયાથી બાળકો શાળાએ આવવાની શરુઆત કરે અને સ્કુલના નવા વર્ષની શરુઆત થાય.

મારા ક્લાસની નટખટ, તોફાની અને સાથે સાથે ખુબ ચબરાક એવી ટેણકી ડુલસેની વાત આજે મારે કરવી છે. શાળા–વર્ષના અંતભાગમાં એટલે કે માર્ચની શરુઆતમાં એ મારા ક્લાસમાં આવી. ત્રણ વર્ષ પુરાં થયાં ને એ દાખલ થઈ. નાનકડી સ્પેનીશ છોકરી, નાનુ મોઢું ને સાવ હલકીફુલકી. બોલવામાં હોશીયાર; પણ સ્પેનીશ બોલે, અંગ્રેજી ખાસ આવડે નહીં. એના ડાબા હાથમાં થોડી તકલીફ(ફીઝીકલ ડીસએબીલીટી). એ કારણસર એ મારા ક્લાસમાં.

જ્યારે આવી ત્યારે એ દેખાવમાં તો ટેણકી; પણ સ્વભાવે જમાદાર ! નાની અમસ્થી; પણ બધાને ભારે પડે. વાતવાતમાં હાથ ઉપાડે. કોઈ જરા એને હાથ લગાડે; તો સામો જવાબ મળી જ જાય ! બાળકોમાં  આવું તો ચાલતું જ હોય અને અમારી પણ એ જ ફરજ કે બાળકોને આવી ખોટી આદતોમાંથી છોડાવીએ અને સારા–નરસાની તાલીમ આપીએ.

ધીરે ધીરે ક્યારેક સમજાવટથી તો ક્યારેક સખત થઈને એની એ આદત છોડાવી. ડુલસે જેટલી હોશીયાર બાળકી મેં જોઈ નથી. નવું શીખવાની ધગશ પણ એટલી જ. ક્લાસમાં જેટલી પ્રવૃત્તી કરાવીએ એમાં ખુબ ઉત્સાહપુર્વક ભાગ લે. સંગીત એને ખુબ ગમે અને જેટલાં બાળગીત ગવડાવીએ એ બધાં પુરા અભીનય સાથે ગાય. અંગ્રેજી પણ ઝડપભેર શીખવા માંડી.

એની એક ખાસીયત. જ્યારે પણ એના પર સહેજ જ ગુસ્સો કરીએ એટલે મમ્મીમમ્મી કરીને રડવા માંડે; પણ બે જ મીનીટમાં આવીને મારી સોડમાં ભરાય. હું જાણી–કરીને એને દુર કરું; તો એવું મીઠું હસીને લાડ કરે અથવા કોઈનું નામ આપે કે, 'મુન્શા, ડેનીયલે મને માર્યું.' મને ખબર જ હોય કે ડેનીયલ તો એનાથી દુર છે; પણ એટલું કહીને ખીલખીલ હસી પડે. આપણો ગુસ્સો પળમાં ગાયબ કરી દે !

હવે તમે જ કહો, આવાં બાળકો સાથે તમે ક્યાં સુધી ગુસ્સો ટકાવી શકો? આ બાળકો કદાચ માનસીક રીતે થોડાં નબળાં હોઈ શકે; પણ એમની નીર્દોષતા આપણને મોટી શીખ આપી જાય છે.

*દરેક વ્યક્તી જો પોતાના ગુસ્સા પર આમ જ કાબુ મેળવે, તો દુનીયાની મોટા ભાગની સમસ્યાનો અન્ત આવી જાય.*

## 2 - એશલી

પાંચ વર્ષની એશલી દેખાવે ખુબ સુંદર. ચહેરાનો ઘાટ એવો સરસ કે ભલભલી મૉડલોને ઝાંખી પાડે. ભગવાને બધું આપ્યું; પણ મગજની પાટી કોરી રાખી. જાણે એકે અક્ષર એના પર મંડાયો જ નહીં ! કોઈ વસ્તુની સમજ નહીં, કશાની અસર નહીં; પડે–વાગે તો પણ ચહેરા પર વેદનાની નીશાની નહીં. બધા સાથે એને જમવા લઈ ના જવાય, ઝડપ એટલી કે તરાપ મારીને કોઈની પણ થાળી ઝુંટવી લે. બીજી કોઈ વસ્તુની ગતાગમ ભલે ન પડે; પણ આંખ એટલી ચકોર કે ક્લાસમા ક્યાંક જો નાસ્તો કે પોપકોર્નનું પેકેટ પડ્યું હોય તો ઘડીના છઠ્ઠા ભાગમાં ત્યાં પહોંચી જાય. કુદરત પણ કમાલ છે ? દીમાગી હાલત બરાબર ન હોય તોય અને બાલ્યાવસ્થા હોય તો પણ; ભુખની સુઝ બધાને પડે !

આજે તો ખરી ધમાલ થઈ. બપોરના અમે બાળકોને નાસ્તો અને જ્યુસ આપતા હોઈએ છીએ. હું મારી કૉફી બનાવવા માટે પાંચ મીનીટ બહાર ગઈ અને મેરીએ બાળકોને પોપકોર્ન અને જ્યુસ આપ્યાં અને એશલી ને ખવડાવવા માટે મારી રાહ જોતી હતી. એટલામાં ન જાણે કેવી રીતે એશલી એના હાથમાંથી છુટી ગઈ. પળવારમાં તો પોપકોર્નનુ આવી બન્યું ! ચારેકોર પોપકોર્ન વેરણછેરણ અને બાળકોનાં મોઢાં તો જોવાં જેવાં !

ઘણીવાર મને વીચાર આવે કે આ નાનકડી બાળકીના હૈયામાં શું ચાલતું હશે? ન બોલે, ન હસે, ન રડે, ન એક જગ્યાએ બે મીનીટ રહે. શાળાનો સમય પુરો થતાં સુધીમાં તો અમે થાકી જઈએ; તો એનાં મા–બાપનું શું થતું હશે? ઈશ્વર કેમ આવો ક્રુર થઈ શકતો હશે? કે પછી ખરે જ, પુર્વજન્મની કોઈ લેણાદેણી હશે ! વીજ્ઞાનની ભાષામાં કહીએ તો કોઈ દવાની આડઅસર કે પછી વારસાગત જીન્સમાં કોઈ પ્રમાણ ઓછુવત્તું થયું હશે.

*જે હોય તે પણ એક વસ્તુની મને ખબર છે જ્યાં સુધી એશલી મારી સાથે છે; ત્યાં સુધી મારાથી અપાય એટલો પ્રેમ હું જરુર એને આપીશ.*

## 3 - મીકાઈ

હાલમાં તો મારે સ્કુલમાં રજા છે. સમર વેકેશન ચાલે છે. એટલે બાળકોનું સાન્નીધ્ય પણ નહીં ને એમનાં મસ્તી–તોફાન પણ નહીં. પણ અચાનક આજે મને મીકાઈ યાદ આવી ગયો. 'Autistic child' વીશે કોઈ લેખ મારા વાંચવામા આવ્યો અને મને મીકાઈ યાદ આવી ગયો. આ બાળકો ખરેખર બહુ બુદ્ધીશાળી હોય છે; પણ એમનું મગજ કોઈ જાતનો ફેરફાર જલદી સ્વીકારી નથી શકતું. એમનું જે રુટીન ગોઠવાયું હોય એમાં બદલાવ આવે, તો એમને સંભાળવા ભારે થઈ પડે !

મીકાઈ જ્યારે અમારા ક્લાસમાં આવ્યો ત્યારે ઘણો આક્રમક હતો. પાંચ વર્ષ સુધી કોઈ સ્કુલમાં નહોતો ગયો. માબાપ ખરાં; પણ પરણેલા નહીં. એટલે બાળકની જોઈન્ટ કસ્ટડી; પણ મીકાઈ વધુ સમય મા પાસે રહે. બાપ નોકરીના હીસાબે હ્યુસ્ટનથી બહાર વધુ હોય. અમે જોઈ શક્યાં કે મા કરતાં બાપને મીકાઈ માટે કંઈ પણ કરી છુટવાની તમન્ના વધુ હતી. ક્લાસમાં મીકાઈ કશું બોલતો નહીં; પણ એને આંકડાઓમાં ખુબ રસ પડતો. નંબરસોંગની સીડી વાગે તો ધ્યાનથી સાંભળે. સવારે જ્યારે ક્લાસમાં આજના હવામાન વીશે વાત કરીએ કે એને લગતાં ગીત સંભળાવીએ, તો એ એકીટશે જોયા કરે. માબાપ સાથે વાત કરવાથી ખબર પડી કે એને ગણીત બહુ ગમે છે અને કમ્પ્યુટર બહુ ગમે છે.

ધીરે ધીરે એ ક્લાસના રુટીનમાં ગોઠવાતો ગયો. એને શાંત કરવો હોય તો કમ્પ્યુટર પર બેસાડી દો, તો એના કલાકો એમાં નીકળી જાય. જેમ જેમ એ ક્લાસમા અંગ્રેજી આલ્ફાબેટ અને એના સાઉન્ડ અને સાથે સાથે શબ્દો શીખતો ગયો; તેમ તેમ કમ્પ્યુટર પર પોતાની જાતે એ શબ્દો ટાઈપ કરી જાતજાતનાં ચીત્રો જોવા લાગ્યો.

એક દીવસ અમે બાળકોને જમવા માટે કાફેટેરીઆમાં લઈ જતાં હતાં. ત્યાં અચાનક મારો હાથ છોડી મીકાઈ પહેલા ધોરણના ક્લાસમાં ધસી ગયો ને ટીચરના ટેબલ પર પડેલો પૃથ્વીનો ગોળો ઉપાડી લીધો. કેટલી સમજાવટે છેવટે એ ક્લાસમાંથી બહાર નીકળ્યો. અમે નવાઈ પામી ગયાં કે બીજું કશું નહીં ને પૃથ્વીનો ગોળો કેમ? પીતા સાથે વાત કરતાં ખબર પડી કે એને પૃથ્વીના ગોળામાં નક્શા જોવા ખુબ ગમે છે. એના માટે ખાસ પૃથ્વીનો ગોળો લઈ આવ્યા અને રોજ થોડીવાર ખાસ એની સાથે બેસી જુદા જુદા દેશ નક્શામાં બતાડવા માંડ્યા.

જ્યારે એ જાતે દેશના નામ આલ્ફાબેટના સાઉન્ડ પ્રમાણે ટાઈપ કરી કમ્પ્યુટર પર જોવા માંડ્યો, ત્યારે અમારા અચંબાનો પાર ન રહ્યો ! ફક્ત દેશ જ નહીં; ત્યાંની જોવાલાયક જગ્યા, હવામાન, લોકો, કંઈ જાતજાતનું શોધી કાઢી એમાં રમમાણ રહેવા લાગ્યો. વાચા પણ ઘણી ખુલી ગઈ. અમારો હાથ પકડી 'કેનેડા, રશીયા સ્કેન્ડીનેવીઆ, આફ્રીકા' વગેરે દેશ અમને પણ બતાડવા માંડ્યો. બસમાંથી ઉતરી વહાલથી ભેટવા માંડ્યો. યાદશક્તી એટલી તીવ્ર કે એક વાર બતાડેલો દેશ બરાબર યાદ રહી જાય. કોઈ વાર કશી વસ્તુની ના કહીએ તો 'help help'નું રટણ ચાલુ કરી, છેવટે એની વાત મનાવીને જ રહે.

આટલી માયા લગાડી હવે આ વર્ષે એ નવી સ્કુલમા જશે, જ્યાં ત્રણથી ચાર બાળકો ક્લાસમાં હોય અને એટલા જ શીક્ષકો. લગભગ દરેક બાળકની જરુરીયાત પ્રમાણે એમના વીકાસ ને વધુ વેગ મળે એની ખાસ કાળજી લેવાય.

*મીકાઈની બુદ્ધીપ્રતીભા ખીલે અને એને સાચી દોરવણી મળે એ જ પ્રાર્થના...*

# 4 - એ.જે.

આજનો દીવસ મારા અને મીસ સમન્થા માટે હૈયામાં ટીસ ઉત્પન્ન કરનારો બની રહ્યો.

પાંચ દીવસના થેંક્સગીવીંગ વેકેશન (અમેરીકામાં ઉજવાતો સર્વ પ્રત્યે આભાર પ્રગટ કરવાનો ઉત્સવ) પછી આજે સ્કુલે જવાનો જ કંટાળો આવતો હતો; પણ થોડા દીવસમાં નાતાલની બે અઠવાડીયાની રજા પડશે એને યાદ કરતાં સ્કુલે જવા તૈયાર થઈ. સ્કુલમાં બધા એકબીજાને રજાની મજા વીશે વાત કરતા હતા.

અમારા ક્લાસમા હાલ 11 બાળકો છે; પણ 7.30 સુધી કોઈ આવ્યું નહીં. એટલે હું ને સમન્થા મજાક કરતાં હતાં કે ચાલો આજે તો આપણે જ આ બધો નાસ્તો કરવાનો છે. ત્યાં તો એક બાજુ બસનું હોર્ન વાગ્યું અને બીજી બાજુ એ.જે.ની મા એને લઈને ક્લાસમાં આવી. થોડા વખતથી એ.જે.નાં માબાપના સમ્બન્ધમાં સુમેળ દેખાતો હતો. સાથે તો નહોતાં રહેતાં; પણ ક્યારેક શની-રવી એ.જે. મા પાસે રહેતો અને સોમવારે સવારે મા એને સ્કુલમાં લઈને આવતી. માએ પોતાની નાદાનીયતમાં એ.જે.ને જ્યારે જમીન પર પછાડ્યો, ત્યારે એ.જે. બે વર્ષનો હતો. માને એને માટે જેલ પણ થઈ હતી અને એ.જે.ની કસ્ટડી પીતા પાસે હતી.

એ.જે.ના પીતાએ આ જવાબદારી ખુબ પ્રેમ અને નીષ્ઠાપુર્વક ઉપાડી લીધી હતી. શાળાની પીકનીક પર જવાનું હોય તો એ હાજર, એ.જે.ની તબીયત થોડી ખરાબ હોય અને ફોન કરીએ, તો પંદર મીનીટમાં એને લઈ જવા હાજર. પેરેન્ટ-ટીચર કોન્ફરન્સ હોય તો હાજર. દેખાવે ઉંચા, પહોળા અને વજન પણ ખાસ્સું. હમેશ નરમાશ અને વીવેકથી વાત કરે અને અમારો એટલો આભાર માને કે જાણે એ.જે. માટે અમે શુંનું શું ના કરી નાખ્યું હોય !

આજે જ્યારે એ.જે.ની મા એને સ્કુલમાં લઈને આવી ત્યારે હું બસમાંથી અમારાં બાળકોને ઉતારતી હતી. બાળકોને લઈને ક્લાસમા આવતાં મેં ડ્રાઈવરને કહ્યું પણ ખરું કે એ.જે. રજામાં એની મમ્મી પાસે રહ્યો લાગે છે એટલે આજે એ લઈને આવી.

ક્લાસમાં દાખલ થઈ તો એ.જે.ની માની આંખમાં ઝળઝળીયાં અને સમન્થા તો સ્તબ્ધ બની ઉભી હતી ! એ.જે.ના પીતા અઠવાડીયા પહેલા વહેલી સવારે ઉંઘમાં જ અવસાન પામ્યા હતા. એ.જે. એકલો ઘરમાં ! આ રજામાં શું કરવું છે તે પુછવા માએ નસીબજોગે એ.જે.ના પીતાને ફોન કર્યો. વારંવાર ફોન કરવા છતાં જ્યારે સામેથી કોઈ જવાબ ન મળ્યો; ત્યારે ગભરાઈને એણે એપાર્ટમેન્ટની ઓફીસમાં ફોન કર્યો અને વીનંતી કરી કે મહેરબાની કરી દરવાજો ખોલી જુઓ કે બધું બરાબર છે કે નહીં? પછી તો પોલીસ બોલાવી. એમની હાજરીમાં દરવાજો ખોલ્યો. ત્યાં સુધીમાં સાંજના પાંચ વાગી ગયા હતા અને એ.જે. બાથરુમના દરવાજા પાસે જમીન પર પડ્યો હતો.

પીતાની બાજુમાં સુતેલો બાળક શું બની ગયું એનાથી અજ્ઞાત, ક્યારે સરકી જમીન પર આવ્યો અને આટલા કલાકો શું વીત્યું એના પર, એ તો ભગવાન જ જાણે ! હવે શું થશે એ પણ ખબર નથી. મા પાસે બાળકની કસ્ટડી નથી. હાલમાં તો એ.જે. મા પાસે છે; પણ કાલની કોને ખબર !

આજની સવાર, આવા સમાચાર લઈને આવશે એની કોઈને ખબર નહોતી. સમન્થા અને હું આઘાતમાંથી બહાર આવવાની કોશીશ કરી રહ્યાં હતાં.

*એ.જે.માં ફક્ત એક જ ફેરફાર દેખાતો હતો. આજે એ.જે. જેની પાસે આવે એનો હાથ સખત રીતે પકડી, જાણે સુરક્ષીતતા ને હુંફ માટે ફાંફાં મારતો હોય એવું લાગતું હતું. હમ્મેશનો હસતો અને સહુને 'હાય' ને 'બાય' કહેતો અણસમજુ એ.જે. શાન્ત બની ગયો હતો.*

## 5 - નેઓમી

૨૦૧૫-૨૦૧૬નુ નવું શાળાકીય વર્ષ શરુ થયે ત્રણ અઠવાડીયાં થઈ ગયાં; પણ મારા ક્લાસમાં નવાં આવેલાં બાળકોની ઓળખાણ કરાવવાનો પણ સમય મળ્યો નહીં. પહેલા દીવસથી જ બાર બાળકો P.P.C.D (Pre-primary Children with Disability)ના ક્લાસમાં આ ખરેખર જ વધારે પડતું કહેવાય; કારણ નવાં આવનાર બાળકો લગભગ ત્રણ વર્ષનાં હોય અને જુનાં બાળકો લગભગ પાંચથી છ વર્ષનાં હોય.

નવાં બાળકોને સ્વાભાવીક જ ક્લાસમાં ગોઠવાતાં વાર લાગે. દરેકની જુદી સમસ્યા અને જુદા લેબલ. કોઈ autistic હોય તો કોઈની વાચા ખુલી ના હોય, તો કોઈનુ માનસીક સંતુલન બરાબર ના હોય.

આજે જે બાળકીની વાત કરવી છે એનું નામ નેઓમી. સ્પેનીશ છોકરી; પણ રુપેરંગે અમારી દાદીમા સાહીરાની જ પ્રતીકૃતી. પહેલે દીવસે જેવી ક્લાસમાં આવી કે તરત અમારો ઈસ્માઈલ બોલી ઉઠ્યો સાહીરા કેમ

છે? નેઓમી મુંગીમુંગી એને તાકતી રહી. બે દીવસ, ત્રણ દીવસ થયા. નેઓમી થોડું હસે; પણ બોલવાની વાત નહી. અમને તો એમ જ લાગ્યું કે નેઓમીની વાચા પુરી ખુલી જ નથી એટલે જ એ અમારા ક્લાસમાં છે; પણ એની અદા અને નખરાં અમને સાહીરાની યાદ અપાવે. ત્રણ ચાર દીવસમાં બહેને પોતાનું અસલી રુપ બતાવવા માંડ્યું. ડેમીઅન નામનો નવો છોકરો આખો દીવસ રડ્યા કરે. તો નેઓમી જઈને એને મોઢા પર આંગળી મુકી ચુપ થવાનો ઈશારો કરે. પાર્કમાં રમવા લઈ જઈએ, તો પાછા ફરવાનું નામ નહીં. બોલાવીએ તો જાણે સાંભળ્યું ના હોય તેમ બીજે જ જોયા કરે. પોનીટેલ ખોલીને મા ભવાનીનો અવતાર બની જાય. ગયા વર્ષનાં બાળકો ડુલસે કે ઈસ્માઈલ તો એને સાહીરા કહીને જ બોલાવે.

ધીરે ધીરે નેઓમી મારી સાથે વધુ હળવા માંડી. એને બાથરુમ લઈ જતાં સહજ જ ગલીપચી કરતાં ખીલખીલ હસી પડી. મેં એને મારું નામ કહ્યું : ‘મીસ મુન્શા.’ તો પહેલી વાર એને બોલતા સાંભળી ‘મીસ મુન્શા.’ હું તો આભી જ બની ગઈ ! ખુબ હોશીયાર, બધા કલરનાં નામ, આલ્ફાબેટ્સ, એકથી વીસ સુધી નંબર, બધું આવડે. સમન્થાએ એને કમ્પ્યુટર પર બેસાડી અને હજી તો એ સ્ટાર ફોલની વેબસાઈટ ખોલે ત્યાં તો નેઓમી માઉસ ફેરવી જાતે જ ક્લીક કરવા માંડી. ધીરે ધીરે ક્લાસમાં બધા સાથે બોલવા માંડી પણ સાથે દાદાગીરી પણ બધા પર – સાહીરા જેવી જ.

સાહીરા આ વર્ષે પહેલા ધોરણમાં ગઈ જેને અમેરીકામાં ‘લાઈફ સ્કીલ’નો ક્લાસ કહે છે, જ્યાં થોડાં માનસીક રીતે પછાત બાળકો હોય. ભગવાન કરે અને નેઓમીને એ ક્લાસમા ના જવું પડે. હજી તો બે વર્ષ અમારી પાસે રહેશે અને છ વર્ષની થશે પછી એની હોશીયારી પ્રમાણે નક્કી થશે; પણ એક વાત છે કે નેઓમીની મા બધી રીતે નેઓમીને મદદ કરવા તૈયાર છે. જે સુચન અમે કરીએ તે પ્રમાણે ઘરે નેઓમી સાથે બેસી લખાવવાનું કે વાર્તાની ચોપડી વાંચવાની કે ચીત્રો દ્વારા નવા શબ્દોની ઓળખ કરાવવાની મહેનત કરે છે.

સ્કુલ ખુલ્યાના ત્રણેક અઠવાડીયાં પછી અમેરીકામાં સ્કુલોમાં ઓપન હાઉસ હોય; જ્યાં માબાપ આવે ને શીક્ષકોને મળે. ખાસ તો નવાં બાળકો અને અમારાં બાળકો માટે આ મુલાકાત ઘણી અગત્યની હોય. નેઓમીની મા અમને મળવા આવી અને ખુબ રાજી થતાં બોલી કે નેઓમીને સ્કુલમા આવવું ગમે છે અને ત્રણ અઠવાડીયાંમાં પણ મેં એનામાં ઘણી નીયમીતતા આવતી જોઈ છે અને ઘરમાં પણ વધુ બોલતી અને ગીત ગાતી થઈ છે.

*આ કહેતી વખતે એની આંખોમા જે અહોભાવ અને અમારા પ્રત્યેનું માન અને વીશ્વાસ હતો, એ જ તો અમારી મહેનતનું ફળ છે અને અમારી મુડી છે ! જેમ જેમ ખર્ચાતી જાય, તેમ તેમ વધતી જ જાય છે…….*

–શૈલા મુન્શા

સર્જક–સમ્પર્ક:

SHAILA MUNSHAW

Houston - Taxas –77083- USA

Phone : 01 281 809 8099 (Home)    Cell : 832 731 4206 (Mobile)

eMail : – smunshaw22@yahoo.co.in  Blog : www.smunshaw.wordpress.com

લેખીકાનો વીસ્તૃત પરીચય પામવા નીચેની લીંક પર ક્લીક કરવા વીનંતી :

https://smunshaw.wordpress.com/category/self-introduction-2/

♦●♦

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ: બારમું – અંક: 350 –June 12, 2016

‘ઉંઝાજોડણી’માં અને ‘એકત્ર’ ફોન્ટમાં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

More than 3,23,42,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 59,86,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 8,49,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 3,14,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@